# નિવેદન

તા. ૩૧-૭-૧૯૮૧ના રોજ લ્યુકેમિયાના કારણે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટનું અવસાન થયું. ત્યારે ભોગીભાઈ ગાંધીનો પત્ર આવ્યો હતો – 'વિશ્વમાનવ' માટે અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ વિશે શ્રદ્ધાંજલિલેખ કરી આપવા માટે. ભારે હૈયે, રડતાં રડતાં એ લેખ લખેલો. એમાં એમને લ્યુકેમિયા થયો ત્યાર પછીનાં સ્મરણો આલેખી સ્મરણાંજલિ, હૃદયાંજલિ આપી હતી. આમ ૧૯૮૧માં સૌપ્રથમ શ્રદ્ધાંજલિલેખ થયો હતો. છેલ્લે ચંદ્રકાન્ત શેઠ વિશે ૨૦૨૪માં અને હરિકૃષ્ણ પાઠક વિશે ૨૦૨૫માં, ભીની આંખે શ્રદ્ધાંજલિલેખો લખાયા. નિકટનો પરિચય ન હોય એવા સર્જકો વિશે નિવાપાંજલિલેખ કરતાં આંખો ભલે ભીની ન થાય, પણ હૃદયમાં તો ઝળઝળિયાં આવે.

હરિકૃષ્ણ પાઠક વિશેનો હૃદયાંજલિલેખ 'બુદ્ધિપ્રકાશ' માટે મોકલ્યા પછી કવિ-મિત્ર કમલ વોરાનો ફોન આવ્યો હતો – 'એતદ્' માટે હરિકૃષ્ણ પાઠક વિશે લેખ કરી આપો. મેં કહેલું – એમનાં સ્મરણોના આધારે 'બુદ્ધિપ્રકાશ' માટે લેખ કરી દીધો છે; પણ એમની કવિતા લઈને કાવ્યાંજલિલેખ 'એતદ્' માટે કરી આપું. આમ, હરિકૃષ્ણ પાઠક વિશે બે લેખ થયા. અહીં એ બે લેખોના આધારે એક લેખ કરીને લીધો છે. એવી જ રીતે ઢાંકીસાહેબ વિશેય બે લેખ થયા. એ બે લેખોના આધારે એક લેખ કરીને અહીં સમાવ્યો છે. ઢાંકીસાહેબ સાથેય અત્યંત નિકટનો સંબંધ રહેલો. તો, ક્યારેય મળવાનુંય ન થયું હોય એવા સર્જકો સાથેય એમના સર્જન થકી હૃદયમાં અનુબંધ બંધાયો હોય, આથી શ્રદ્ધાંજલિલેખ કરતાં આંખોની જેમ હૃદય ભીનું થાય. બહુ અઘરું થઈ પડે છે શ્રદ્ધાંજલિલેખો કરવાનું. લખતી વેળા એવું લાગે, જાણે જઈ રહ્યો હોઉં સ્મશાનયાત્રામાં, ભારે પગે, ભારે શબ્દે, સર્જકને અંતિમ વિદાય આપવા...

અંજલિલેખો માટે સમયમર્યાદા ઓછી મળે. અઢાર વર્ષ 'પરબ'નું સંપાદનકાર્ય કર્યું. એ દરમિયાન અંજલિલેખો લખવાનું બન્યું. મોટે ભાગે તો 'પરબ'માં શ્રદ્ધાંજલિલેખ કરી આપવા માટે અન્ય બે-ત્રણ જણને વિનંતિ કરી જોઉં; અને જો ન મળે તો પછી જાતે લખું. ગૂગલમાં કે સાહિત્યના કોશોમાંથી માહિતી ઠાલવી દઈને બે-એક પાનાંનો ઔપચારિક શબ્દાંજલિલેખ કરવામાં વાર ન લાગે,

પણ એમ કરવાને બદલે હું જે-તે સર્જકની કૃતિઓમાંથી ફરી ફરી પસાર થાઉં, સ્વાધ્યાય કરું ને પછી આસ્વાદમૂલક આલેખ તૈયાર થાય, એમાંથી સર્જકનો અને સર્જકતાનો પરિચય મળે, સર્જનનો આસ્વાદ મળે – મીમાંસા સાથે; ને એમાં મારા હૃદયના ધબકારા પણ ઉમેરાય એ માટેનો મારો પ્રયત્ન રહે. કેટલાક લેખોમાં સ્મરણચિત્રો આલેખ્યાં છે. કેટલાક લેખોમાં સ્વાધ્યાય કરીને, રસાસ્વાદ-મીમાંસા થકી અંજલિ આપી છે તો કેટલાક લેખોમાં જીવન-કવનના તાણાવાણા ગૂંથતા જઈને અંજલિ આપી છે. 'પરબ'માંના બે-ચાર નિવાપાંજલિલેખો અન્ય પુસ્તકમાં આવી ગયા હોઈ અહીં એ સમાવ્યા નથી.

'પરબ' છોડ્યા પછીય, અને એ દરમિયાન પણ, 'કુમાર', 'બુદ્ધિપ્રકાશ', 'એતદ્' તથા 'પરબ'ના સંપાદકમિત્રોએ મારી પાસે હૃદયાંજલિલેખો કરાવ્યા એ બદલ એમનો આભારી છું. સુંદર, કલાત્મક પ્રકાશન માટે Zen Opusનો હૃદયપૂર્વક આભાર માનું છું.

તા. ૭-૮-૨૦૨૫

**– યોગેશ જોષી**

# અનુક્રમણિકા


1. ભોગીભાઈ ગાંધી : દિલનો દીવો ઝળહળતો -------------------------------- 1
2. તૃણના ગ્રહસમા કવિ શ્રી ઉશનસ્‌ની વિદાય--------------------------------9
3. નિરંજન ભગત : કવિતાને જીવતા, સતત જાગતા પ્રાજ્ઞ કવિ-------------20
4. ધીરુ પરીખ : ભીતર સ્નેહ ભર્યો ભર્યો ---------------------------------------31
5. લાભશંકર ઠાકર : ઉત્કટ ચેતનાનો કવિઅવાજ -------------------------- 36
6. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ : મૃત્યુનેય જીવી ગયા ------------------------------------52
7. ચંદ્રકાન્ત શેઠ : પ્રયાણ : પ્રભુ સાથે હાથ મિલાવવા---------------------- 63
8. હરિકૃષ્ણ પાઠક : નર્મ-મર્મ, વ્યંગ-વિનોદના કવિ--------------------------- 73
9. ચિનુભાઈની ભીતરના ચિનુભાઈ ----------------------------------------------- 88
10. આધુનિક ગીત-કવિ અનિલ જોશીની વિદાય--------------------------------94
11. રમણલાલ સોની : ભીતરના તેજે ઝળહળતા કર્મયોગી ---------------- 102
12. ધીરુભાઈ ઠાકર : મુઠ્ઠીઊંચેરા ‘વિશ્વમાનવી’ --------------------------------109
13. રમણલાલ જોશી : જાગતા વિવેચક-સંપાદક-------------------------------112
14. ઢાંકીસાહેબઃ જાણે વિદ્વત્તાનું દેવાલય---------------------------------------117
15. અમૃતલાલ વેગડ : વહેતી નર્મદાનું કાવ્ય----------------------------------128
16. બકુલ ત્રિપાઠી : નિર્મળ હાસ્યનો ફુવારો-------------------------------------135
17. નિર્મલ વર્માની વિદાય-------------------------------------------------------- 140
18. ભોળાભાઈ પટેલની વિદાય...------------------------------------------------ 149
19. જોસેફ મૅકવાનની વિદાય ----------------------------------------------------158
20. જયંત ગાડીતની વિદાય--------------------------------------------------------161